

# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ જૂન - ૨૦૨૫ અંક : ૬

કિંમત રૂ. ૩૦/- (વાર્ષિક)

R.N.I No.: 6316/57

રથયાત્રાની ખૂબ ખૂબ શુભકામનાઓ



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## જૂન ૨૦૨૫, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૩, અંક-૬

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ,
અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

# કવર સ્ટોરી - રાણીની વાવ - પાટણ

ગુજરાતની પ્રાચીન રાજધાની અને ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતું પાટણ પોતાની આગવી ઓળખ ધરાવે છે. પાટણ આપણા દેશ ઉપરાંત વિદેશમાં પણ તેની ઐતિહાસિક સ્થાપત્ય કલાનો ઉતકૃષ્ટ નમૂનો એવી 'રાણીની વાવ'ને લીધે વિખ્યાત છે.

આચાર્ય મેરુ તુંગના ગ્રંથ "પ્રબંધ ચિંતામણી"માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ વાવ રાજા ભીમદેવની રાણી ઉદયમતીએ ૧૧મી સદીમાં બંધાવેલી. આ વાવનો પરીઘ ૮૭ મીટર છે. આ વાવ ૬૫ મીટર લાંબી ૨૦ મીટર પહોળી અને ૨૮ મીટર ઊંડી છે. આ વાવનું મુખ પૂર્વ તરફ ખુલે છે. વાવના સૌથી ઉપરના ઝરૂખાનું શિલ્પ સિદ્ધપુરનાં રુદ્રમહાલય ને મળતું આવે છે. તેની દિવાલો, સ્તંભો, ગોખમાંની સૌંદર્યમંડિત શિલ્પ કૃતિઓ આશ્ચર્ય પમાડે તેવી છે. પાટણમાં સરસ્વતિ નદી કિનારે આવેલી આ સાત માળની વાવના નિર્માણમાં ૪૧ વર્ષનો સમય લાગ્યો હતો. આ વાવની શિલ્પકલામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય ભારતીય પરંપરાના દાર્શનિક સામાજિક મુલ્યોને કંડારવામાં આવ્યા છે. દશાવતાર ઉપરાંત અનેક દેવદેવીઓ, ઋષિમુનીઓ, કંચકો, સ્નાન કર્ણ ભૈરવ, પરશુરામ, બુદ્ધ કલકી, રામ બલરામ, મનમોહક નાગકન્યાઓ, યોગિનીઓ, ભગવાન વિષ્ણુના રૂપો જેવાકે શેષ નાગની શૈયા પર પોઢેલા વિષ્ણુનારાયણના શિલ્પો આ વાવની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

ઇજનેરી વિદ્યાના નિષ્ણાતો જણાવે છે કે આ વાવનું નિર્માણ ઉપરથી નીચે તરફ થયેલું છે. જે સોલંકી કાળની કલા–કારીગરીનો ઉત્તમ નમૂનો છે. આ વાવમાં ૨૯૨ કુંભીવાળા સ્તંભો છે. ચારે બાજુના ખુણાઓને સુંદર મુર્તિઓથી શણગારવામાં આવેલા છે.

આ વાવને જૂન ૨૦૧૪માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ જૂલાઈ ૨૦૧૮માં દેશની ઓળખને વિશ્વપ્રસિદ્ધ કરવા રાણીની વાવની પ્રતિકૃતિને રૂ. ૧૦૦ની ચલણી નોટમાં સ્થાન આપ્યું છે.

અહીંયા એક નાનો દરવાજો છે જે સિદ્ધપુર તરફ જતાં ૩૦ કી.મી.

લાંબા એક બોગદામાં ખુલે છે. આ પ્રવેશ દ્વાર અત્યારે કાદવ અને પથ્થરોથી ભરાઈ ગયેલું છે. મુળતઃ આ માર્ગ સંકટ સમયે રાજા અને રાજપરિવારને સલામત જગ્યાએ પહોંચાડવા માટે બનાવવામાં આવ્યો હોય તેવું અનુમાન છે.

વાવમાં સંગ્રહિત પાણીમાં ઔષધિય ગુણધર્મો હોવાનું મનાતું. જેનો ઉપયોગ ખાસ કરીને વાઈરલ તાવ, ખાંસી, ઉંટાટિયુ જેવી બિમારીઓના ઈલાજ માટે થતો.

આપણી વૈશ્વિક ધરોહર આપણી આટલી નજીક હોય તો તેનો લાભ લેવો જોઈએ. વાયડની મુલાકાત સાથે રાણીની વાવની મુલાકાત ગોઠવી તેનો લાભ મેળવી શકાય.

– સંકલન

**નિશીથ અરવિંતભાઈ પરીખ**

**મો ૯૪૨૮૪ ૬૧૮૨૨**

## ઊનાળો



જ્યાં જુઓ ત્યાં કેવો છવાયો છે ઊનાળો,
ગરમ ગરમ પવનોમાં લહેરાયો છે ઊનાળો.
મકાનોની છત પર અને ડામરની સડકો પર,
કેવો પથરાયો અને રેલાયો છે ઊનાળો.
ક્યાંક મળી જાય જો ઘટાદાર વૃક્ષ તો,
જુઓ એની નીચે કેવો સંતાયો છે ઊનાળો !
ગરમીમાં સખત મજૂરી કરતા મજૂરો,
તેમના પરસેવાથી કેવો ભીંજાયો છે ઊનાળો !
માથે ટોપી ને આંખ પર ગોગલ્સ પહેરીને ફરતા,
એની નીચે થોડો છૂપાયો છે ઊનાળો !
ફરતાં પંખાઓ અને વાતાનુકૂલિત ઓરડામાં,
થોડો થોડો બસ ભૂલાયો છે ઊનાળો.

**– ગૌરાંગ શાહ**

મો. ૯૪૨૭૮ ૦૦૦૪૬

# સૂરજને કાગળ લખ...



હળવે હાથે સૂરજ લખ,
એ સમજી જાશે.
તું રોજ ઉગે અને આથમે,
કણે કણમાં ઊર્જા ભરે,
હળવે હાથે 'સૂર્ય' લખ,
એ સમજી જાશે.

ભૂલકાઓના કુદરતી દશ્યના ચિત્રમાં,
તારી હાજરી અચૂક રહેતી,
એ જોઈને તું પણ મલકાતો હોઈશ !
ભૂલકાઓને મનાવવા કે વાર્તામાં,
દાદા તને દૂરથી આંગળી ચીંધી ને,
તારા ગુણગાન સંભળાવતા,
હળવે હાથે 'સૂરજદાદા' લખ,
એ સમજી જાશે.

વાદળોની પાછળ ઢાંક પીછોડો કરતો,
ને સંતાકૂકડી રમતો,
થોડા દી ની તારી ગેરહાજરી,
ને પછી તારા રૂપ ના દર્શન દેતો,
સૌને કેટલું વહાલું લાગતું !
હળવે હાથે 'તડકો' લખ
એ સમજી જાશે.

ગ્રીષ્મ ઋતુની ભડભડતી બપોરમાં,
પશુ પક્ષી મનુષ્ય ત્રાહીમામ પોકારતા,

સૌ તને ખમૈયા માટે વિનવતા–મનાવતા,
હળવે હાથે 'તાપ' લખ,
એ સમજી જાશે.

શિયાળાના મખમલી ખુશનુમા પહોર માં,
તારી સાથેની દોસ્તી,
એ કોક નસીબદાર જ સમજી શકે !
હળવે હાથે 'ભાસ્કર' લખ
એ સમજી જાશે.

ચાંદ સાથેની તારી દોસ્તી,
તું કેન્દ્રમાં અને બીજા ગ્રહો તારી આસપાસ,
આકાશ નો તો તું રાજા,
સપ્તાહમાં એક નામ તારા નામથી રોશન,
એક ભારેખમ શબ્દ તારા નામનો – સૂર્યગ્રહણ,
હળવે હાથે 'રવિ' લખ,
એ સમજી જાશે.

તારા નામનો મંત્ર જાપ થાય,
તારી મૂર્તિની પૂજા થાય,
તું ન હોત તો શું જીવન શક્ય હોત ?
એટલે જ તો તારી ઉપાસના આરાધના થાય,
હળવે હાથે 'સૂર્યદેવ' લખ,
એ સમજી જાશે.

**- ડૉ. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ४૬૮૨૭**

# કૃષ્ણથી કનેક્ટ થતાં જઈયે... સૌરભ ના સ્વરેથી



લૌકિક માં અલૌકીકતાનો ભાવ ઓગાળીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
માખણચોરનું મનોમન માર્ગદર્શન મેળવીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
મુરલીધરનું મધુર સંગીત સાંભળીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
રણછોડની યોજનાનું આયોજન સમજીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
રણછોડની યોજનાનું આયોજન સમજીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
વૃંદાવનમાં એક ગોપી એક કાનનો રાસ અનુભવીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
રણભૂમિના એકમાત્ર ઉપદેશકનું જ્ઞાન અનુસરીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
ગોવાળીયાનાં ગોકુળની રેતીમાં ભ્રમણ કરતાં રહીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
જન્મ પામવાનો સાચો મહિમા શોધીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
‘હું’નો અહ્‌મ અલિપ્ત કરવા મથીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
સત્કર્મો ની પુંજી ની પોટલી બાંધતા જઈયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
શ્રીકૃષ્ણ શરણં મમઃ નું મનન કરતાં રહીયે,
ચાલ કૃષ્ણથી પાછા કનેક્ટ થતાં જઈયે;
ઘણી સદીયોં વીતી વ્હાલા તારા રે વિયોગમાં,
કેટકેટલી પરીક્ષા લઈશ તું પાછા કનેક્ટ કરવામાં ?

**– સી.એ. સૌરભ શાહ**
**મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦**

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

# બુદ્ધપુરુષના સાત લક્ષણ



મને અતિ ગમતો હૃદયનો શબ્દ છે ‘બુદ્ધ પુરુષ’ એ સદ્‌ગુરુનો પર્યાય છે. પણ બુદ્ધપુરુષ કોણ ? રામાયણ દ્વારા આપણે સમજવાનો પ્રયાસ કરીએ. “માનસ”ના સાત સોપાનમાં નામનો જે સાર છે એ જે વ્યક્તિત્વમાં મને અને તમને દેખાય એને બુદ્ધ પુરુષ કહી શકાય.

પહેલો છે **‘બાલકાંડ’**. કોઈ એવી હસ્તીમાં સામર્થ્ય ગજબ હોય પણ બાળક જેવી નિર્દોષતા અને સહજતા હોય એને આપણે બુદ્ધપુરુષ ગણી શકીએ બાલક્વત્ નિર્દોષભાવ એ બુદ્ધપુરુષનું પ્રથમ લક્ષણ છે.

બીજું સોપાન **‘અયોધ્યાકાંડ’**. જે ભૂમિમાં યુદ્ધ ન થતાં હોય એનું નામ અયોધ્યા, જેનામાં સંઘર્ષ, યુદ્ધ, ઘર્ષણ, વાદ–વિવાદ નથી એ બુદ્ધ પુરુષનું બીજું લક્ષણ છે.

ત્રીજું સોપાન છે **‘અરણ્યકાંડ’**. સરસ મકાન બનાવો. આનંદ કરો પણ ઘરમાં રહી માનસિકતા વનવાસીની રાખવી ને પરિવારજનોને ખબર ન પડે કે આનામાં વાનપ્રસ્થ એની મેળે ઉગ્યો છે. આવી રીતે રહેવું એ બુદ્ધપુરુષનું ત્રીજું લક્ષણ છે.

ચોથું સોપાન છે **‘કિષ્કિન્ધાકાંડ’**. અમુક ધાર્મિક સમાજ પોતાના આચાર્યને બાંધી રાખે, સમાજ ઇચ્છે તેમ રહેવું પડે, સમાજ કહે એમ જ વર્તવું પડે એવું તે કેમ ચાલે ફકીરોને ? તેથી મૈત્રી એ બુદ્ધ પુરુષનું ચોથું લક્ષણ છે. બુદ્ધપુરુષને બધા સાથે મૈત્રી હોય.

પાંચમું સોપાન છે **‘સુંદરકાંડ’**. જેનું મન સુંદર તેનું તન સુંદર. મનની સુંદરતા, તનની સુંદરતા, વિચારોની સુંદરતા, કૃતિની સુંદરતા અને વૃત્તિની સુંદરતા એ પાંચમું લક્ષણ છે.

છઠ્ઠુ સોપાન છે **‘લંકાકાંડ’**. રાવણને મૃત્યુનો ભય નથી. ‘ગીતા’ એ

મૃત્યુને ખેલ ખેલની રીતમાં લીધું છે. જેમ માણસ જુના વસ્ત્રો ફેંકીને નવા પહેરે, એમ જીર્ણશીર્ણ  શરીર છોડીને આત્મા નવું કલેવર ધારણ કરે છે. તેથી મૃત્યુનો ભય ન હોય તે બુદ્ધરૂપનું છઠ્ઠું લક્ષણ છે.

સાતમું સોપાન છે **'ઉત્તરકાંડ'**. જેને જીવન દરમિયાન છેલ્લી યાત્રા હોય ત્યાં સુધીમાં જીવનનાં બધા જ ઉત્તરો મળી ગયા હોય એનું નામ 'બુદ્ધત્વ' હોઈ શકે. કોઈ પ્રશ્ન ન બચે, કોઈ સવાલ નથી, હવે બધાં જ પ્રશ્નોના ઉત્તરો પ્રાપ્ત થઈ ગયા છે. જેને અંદરથી ઉત્તર મળતા હોય એને જીવનમાં કોઈ પ્રશ્ન જ નથી હોતા.

બુદ્ધપુરુષના આવાં સાત લક્ષણ છે. આવા સાત લક્ષણ બુદ્ધપુરુષ મને કે તમને નવજીવન આપી શકે.

નોંધ : ૯ માર્ચ, ૨૦૨૫ના રવિવારના 'દિવ્યભાસ્કર'ની પૂર્તિમાં માનસદર્શન વિશેનો પૂ. મોરારીબાપુનો શ્રી નીતિન વડગામાએ સંકલિત કરેલો લેખ 'બુદ્ધ પુરુષના સાત લક્ષણ' વાંચ્યા. ખૂબ જ ગમી ગયો. લેખનું સંક્ષિપ્તકરણ કરી આભાર સહ અહીં પ્રગટ કર્યો છે.

**– સંકલન,**
**શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫હેસાણા**

## Kanha Jungle Safari: A Journey into Nature's Heart



Entering the Kanha jungle is a profoundly humbling experience. We humans often consider ourselves smarter, stronger, and more capable, but the jungle offers a stark reality check. The towering 80-100 ft trees silently remind us of our place in the natural world. Their gigantic size and ancient presence, dwarf our human existence.

Visiting in autumn, we were greeted by a breathtaking array of colours. The trees displayed a stunning spectrum of shades, from vibrant greens to warm yellows, fiery oranges, and deep reds. This natural masterpiece was a feast for the eyes. The vast grasslands, with their 2-3 ft tall golden grasses, stretched out like a sea of gold. It was reminiscent of scenes from Discovery or National Geographic, making it hard to believe such beauty existed in our neighbouring state.

The jungle was alive with wildlife. We encountered wild boars, their bristly coats blending into the underbrush. Spotted deer, both males with their impressive antlers and females without, moved gracefully through the forest. The Sambar and the majestic Barasingha added to the diversity of our sightings. The variety of birds was astounding. We saw the vibrant Neelkanth (Indian roller), its blue plumage striking a contrast against the earthy tones of the forest. The sight of the white-breasted waterhen and the wild hen was truly captivating, each bird adding its own unique charm to the scene. Woodpeckers tapped rhythmically on tree trunks, and the melodious

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

calls of the cuckoo filled the air. Monkeys were a constant presence; their playful behaviour was a delight to watch. We also heard the calls of monkeys, deer, and various birds, signalling the presence of tigers in the area. This auditory alert system was a fascinating aspect of the jungle's ecology, showcasing the intricate balance and communication among its inhabitants. Witnessing the friendship between deer and monkeys was heartwarming—stories of selfless friendships came to life before our eyes. We were marvelled at the 6-7 ft tall, waterproof ant hills, towering structures built by tiny yet industrious creatures. We felt grateful for the opportunity to coexist with such magnificent creations.

The jungle bore signs of its wild inhabitants. We observed trees with bark eaten by porcupines, their bite marks a testament to their presence. Other trees bore the scratch marks of tigers, marking their territory. Some trees supported huge creepers, winding around trunks and branches, adding to the jungle's mystique. The forest is home to a variety of trees, including the sturdy Saal, the fragrant Mahua, and the striking Butea (Kesudo), known as the flame of the forest for its bright orange-red flowers. Bamboos swayed gently in the breeze, their tall, slender stalks creating a rustling sound.

In the morning, sunlight peeked through the meadows, casting a golden glow and making the fog disappear. In denser parts of the forest, the fog lingered, creating an ethereal scene. The ground was covered with golden brown leaves, like a natural carpet, crunching softly underfoot. Every creature's passing added to the symphony of the jungle. The hustle and bustle of the forest, with every creature contributing to the symphony, was a reminder of the vibrant life that thrives in this sanctuary.

Our evening safari was a serene escape from the hustle and bustle of city life. As the sunset, the glow of fireflies (Jugnoos) illuminated the darkening forest, creating a magical atmosphere. The sky at night was so clear that we could easily identify every constellation. It was a mesmerizing sight, adding to the magic of our jungle adventure. The sounds of birds chirping and the gentle rustling of leaves added to the surreal experience. The soothing sounds of ponds, streams, and gushing water provided a calming backdrop.

We followed the footmarks of the tiger into the jungle. However, we missed seeing the mighty tiger, a creature that embodies the wild spirit of the jungle. Still, we felt blessed to witness the other incredible creatures and to immerse ourselves in the forest's enchanting atmosphere. The experience of being surrounded by such diverse wildlife and the serene beauty of the jungle was more than enough to make our visit unforgettable.

Kanha Jungle Safari is a reminder of the beauty and complexity of nature, offering a humbling and enriching experience. The sights, sounds, and encounters leave an indelible mark, making us appreciate the wonders of the natural world and our place within it.

***Scan the QR code to view stunning images of national park***

***- Unnati Parikh, CA-CS***

***M. 94081 61737***

## જીવનના 'જો' અને 'તો' : સ્વપ્નોની સફર



આપણા જીવનની ઘણી વણઉકલી મૂંઝવણો, જવાબ વગરના સવાલો આપણા દિલના દ્વાર વારંવાર ખટખટાવ્યા જ કરે છે. તેમાંનો એક સવાલ છે : 'જો મેં આમ કર્યું હોત તો ?' આ સવાલ આપણને એક કાલ્પનિક દુનિયામાં લઈ જાય છે, જ્યાં આપણે વિચારીએ છીએ કે "જો હું ડૉક્ટર કે ઈજનેર બન્યો હોત તો?", "જો હું શિક્ષક, નેતા કે અભિનેતા બન્યો હોત તો?", "જો હું વડાપ્રધાન કે સમાજ સુધારક બન્યો હોત તો?" આ બધા 'જો' અને 'તો' કેવળ કાલ્પનિક નથી. આ દરેક કલ્પનાની પાછળ એક આશા, અરમાન અને સ્વપ્ન છુપાયેલું હોય છે.

સ્વપ્ન એ નથી કે જે રાત્રે ઊંઘમાં આવે, પરંતુ સ્વપ્ન એ છે જે આપણને ઊંઘવા જ ન દે, જે આપણી ઊંઘ ઉડાડી દે. પરંતુ ઘણી વાર આપણે આ સ્વપ્નોને ડરના ડામરમાં બાંધી દઈએ છીએ. આપણે નિષ્ફળતાના ડરથી એ સ્વપ્નોનું પોટલું ખોલવાનું ટાળીએ છીએ. ક્યારેક યોગ્ય સમયની રાહ જોતાં જોતાં વખત વીતી જાય છે, ક્યારેક આપણે થાકી જઈએ છીએ, આળસમાં ડૂબી જઈએ છીએ અથવા તો વૃદ્ધાવસ્થાના આરે પહોંચી જઈએ છીએ. આ બધું આપણા સ્વપ્નોને ખોટી દિશામાં લઈ જાય છે અને આપણે એક અધૂરી ઝંખના સાથે જીવન જીવીએ છીએ.

**સ્વપ્નોનું મહત્વ અને તેનો પીછો :**

સ્વપ્નો આપણા જીવનનો અભિન્ન ભાગ છે. ડરામણાં સ્વપ્નો માનસિક અસ્થિરતાની નિશાની હોય છે, જ્યારે આનંદદાયક અને પ્રેરણાદાયી સ્વપ્નો સમૃદ્ધિ તરફ દોરી જાય છે. જો આપણે જાગતાં-સૂતાં ડરામણાં સ્વપ્નો જોઈએ તો આપણે આપણી વિચારધારા, વલણ અને વર્તન બદલવાની જરૂર છે. યોગ, ધ્યાન અને પ્રાર્થના દ્વારા હકારાત્મક અભિગમ કેળવવો જોઈએ. આપણે 'Be Positive, Do Positive'નો આદર્શ અપનાવવો જોઈએ.

જીવનની સફળતા માટે સ્વપ્નોને વાસ્તવિકતામાં બદલવા માટે આપણે આપણા અંતરાત્માના અવાજને સાંભળવો જોઈએ. આપણે શું બનવા માગીએ

છીએ? આપણને શેમાં રસ છે ? આ સવાલોના જવાબ મેળવવા માટે આપણે આપણા અંતરના અરીસામાં ડોકિયું કરવું જોઈએ. જો આપણે જીવનમાં શોર્ટકટ અપનાવીશું, તો આપણી કારકિર્દી એક મર્યાદિત માળખામાં કેદ થઈ જશે. જેમ ખાબોચિયું મહાસાગરને પામી શકતું નથી, પરંતુ ઝરણું સાગરને પામી શકે છે, તેમ આપણે પણ આપણી ક્ષમતાઓને ઓળખી, મહેનતના માર્ગે આગળ વધવું જોઈએ.

**સંઘર્ષ અને સફળતાનો સંબંધ :**

જીવનનું બીજું નામ સંઘર્ષ છે. જે લોકો સંઘર્ષ સામે લડે છે, તેઓ જ બીજાઓથી અલગ કાંઈક કરી બતાવે છે. સોનું ભઠ્ઠીમાં તપે ત્યારે જ આભૂષણ બને છે અને પથ્થર હથોડાનો માર ખમે ત્યારે જ સુંદર મૂર્તિ બને છે. જે પથ્થર હથોડાના મારથી તૂટી જાય છે, તે ધોબીઘાટનો પથ્થર બની આજીવન માર ખાય છે. આપણે પણ આપણી અંદરની મજબૂતીને ઓળખી, પડકારોનો સામનો કરવો જોઈએ. 'ખમે તે ખરો, ખમે તે સૌને ગમે.'

આપણે જે કામમાં સૌથી વધુ રસ અનુભવીએ, તેને આપણી કારકિર્દીનું કેન્દ્ર બનાવવું જોઈએ. જે કામ આપણને ગમે તેને અપનાવવાથી જીવન જીવવાનું કારણ મળે છે. જે ક્ષેત્રમાં આપણે ઝંપલાવીએ, તેમાં સફળ થઈએ, તે ક્ષેત્રમાં આત્મવિશ્વાસથી આગળ વધવું જોઈએ. આપણે પ્રયત્નો છોડી દઈએ ત્યારે જ આપણે નિષ્ફળ ગણાઈએ, નહીં તો આપણે સફળતાથી થોડે દૂર હોઈએ, એમ માનીને સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

સ્ટીવ જોબ્સે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં આપેલા પ્રખ્યાત ભાષણમાં કહ્યું હતું "Stay Hungry, Stay Foolish." જ્ઞાન અને સફળતા માટેની ભૂખ હંમેશા જીવંત રાખવી જોઈએ. દુનિયા જેને ગાંડપણ ગણે, તેવું કાંઈક કરવામાં ડરવું ન જોઈએ. યાદ રાખો, ઇતિહાસ ગાંડા લોકો રચે છે, જ્યારે સમજદાર લોકો તેને વાંચે છે.

જીવન એક સફર છે, જેમાં સ્વપ્નો આપણને દિશા બતાવે છે. આપણે આપણા ડરને દૂર કરી, આપણાં સ્વપ્નોનું પોટલું ખોલવું જોઈએ. યોગ્ય સમયની રાહ જોવાને બદલે, આજથી જ પ્રયત્નો શરૂ કરવા જોઈએ. હકારાત્મક વિચારસરણી, સતત પ્રયાસો અને આત્મવિશ્વાસથી આપણે આપણા સ્વપ્નોને વાસ્તવિકતામાં ફેરવી શકીએ છીએ. આપણે એક એવું જીવન જીવવું જોઈએ, જેમાં 'જો' અને

‘તો’ની ઝંખના ન હોય, પરંતુ સફળતા અને સંતોષની અનુભૂતિ હોય.

જીવનની આ સફરમાં, ચાલો આપણે આપણા સ્વપ્નોને પાંખો આપીએ અને ઉડાન ભરીએ !

- પરેશ શાહ, વડોદરા
મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬
બોર્ડ કાઉન્સિલર
(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ)

## Due Diligence - DD

***Due Diligence - DD* What Does it Mean?**



1. An investigation or audit of a potential investment. Due diligence serves to confirm all material facts in regards to a transaction or relationship..

2. Generally, due diligence refers to the care a reasonable person should take before entering into an agreement or a transaction with another party.

**Investopedia explains *Due Diligence – DD***

1. Offer to purchase an asset is usually dependent on the results of due diligence analysis. This includes reviewing all financial records plus anything else deemed material to the sale. Sellers could also perform a due diligence analysis on the buyer. Items that may be considered are the buyer’s ability to purchase, as well as other items that would affect the purchased entity or the seller after the sale has been completed.

2. Due diligence is a way of preventing unnecessary harm to either party involved in a transaction.

**- Shrenik Parikh, Ahmedabad**
**M. 97244 48149**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## બોધ કથા

એક દિવસ એક ખેડૂતનો બળદ કૂવામાં પડી ગયો. બળદ કલાકો સુધી જોરથી રડતો રહ્યો અને ખેડૂત સાંભળતો રહ્યો અને વિચારતો રહ્યો કે તેણે શું કરવું જોઈએ. આખરે તેણે નક્કી કર્યું કે બળદ ઘણો જૂનો હતો. તેથી તેને બચાવવાનો કોઈ ફાયદો નહોતો અને તેથી તેને કૂવામાં જ દફનાવી દેવો જોઈએ.

ખેડૂતે તેના બધા પડોશીઓને મદદ માટે બોલાવ્યા, બધાએ પાવડો લીધો અને કૂવામાં માટી નાખવા લાગ્યા. બળદને પોતાની ઉપર શું થઈ રહ્યું છે તે સમજાતા જ તે વધુ જોરથી ચીસો પાડવા લાગ્યો અને પછી અચાનક તે આશ્ચર્યજનક રીતે શાંત થઈ ગયો. બધા ચૂપચાપ કૂવામાં માટી નાખતા રહ્યા, પછી જ્યારે ખેડૂતે કૂવામાં જોયું તો તે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયો. બળદ તેની પીઠ પર પડતા દરેક પાવડાની માટીથી કંઈક અદ્ભુત કરી રહ્યો હતો. તે તેના પર પડતી માટીને શરીર હલાવી નીચે ફેંકી દેતો અને પછી એક ડગલું આગળ વધીને તેના પર ચઢી જતો.

ખેડૂત અને તેના પડોશીઓ તેના પર પાવડા વડે માટી ફેંકતા, તે ધ્રુજારીથી માટી છોડી દેતો અને એક પગથિયું ચઢી જતો. થોડી જ વારમાં, બધાને આશ્ચર્ય થયું, બળદ કૂવાના કિનારે પહોંચ્યો અને પછી ત્યાંથી કુદીને દોડી ગયો.

ધ્યાનમાં રાખો, તમારા જીવનમાં તમારા પર અનેક પ્રકારના કાદવ ફેંકવામાં આવશે અને તે પણ જેમના પર તમે વિશ્વાસ કરો છો તેમના દ્વારા અનેક પ્રકારની ગંદકી તમારા પર પડશે, કોઈ તમને આગળ વધતા અટકાવવા માટે બિનજરૂરી ટીકા પણ કરશે.

તમારી સફળતાની ઈર્ષ્યાને કારણે કોઈ તમારા વિશે બિનજરૂરી રીતે ખરાબ વાતો પણ કરશે. કોઈ તમારાથી આગળ નીકળવા માટે એવી પદ્ધતિઓ અપનાવતું જોવા મળશે જે તમારા આદર્શોની વિરુદ્ધ હશે...

આવી સ્થિતિમાં તમારે નિરાશ ન થવું જોઈએ અને કૂવામાં પડી ન રહેવું જોઈએ, પરંતુ તમારી હિંમતથી તમારે બધી ગંદકી ફેંકી દેવી જોઈએ અને તેમાંથી શીખવું જોઈએ, તેને સીડી બનાવીને તમારા આદર્શોનું બલિદાન આપ્યા વિના આગળ વધવું જોઈએ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## The Joy of Being a Pansy



It was a fine sunny morning. The swift wind had broken into a breeze and it had made a gentle rustle through the leaves. The splash of mellow light made the moon hide away. The chicks had an empty stomach that could only be filled with food. So off...... the birds fluttered away.

They were soon joined by moms-to-be butterflies which flitted across a bunch of pansies. One of them was pouring out tasty nectar which attracted the butterflies. The pansy was waiting for that moment.

She then bade a tearful goodbye to her kid. Now she could enjoy life with her mate until they would wilt away. One day fate downed on them and they both were found two wilted pansies.

As for the kid, it was blown in a garden by the wind. It had fallen from butterflies' body in the palms of a dew on a pansy. It fell on the ground with the dew. It grew a head, legs and all that in the warmth of the soil. Looking for some light, it peeped out of the soil and so a black figure approaching it.

And in the flash of a second, it was beheaded. But he took no heed of its injury and kept growing. It finally grow into a pansy. It mated and enjoyed unlimited pleasure. It was overjoyed when it got to know it had pollen sacks in its womb. It gave birth to tiny pollen which were soon carried off by bees.

It wailed and was inconsolable. But it thought over and forgot it and lived up to a good age with its mate.

MORAL: THERE ARE ALWAYS UPS AND DOWNS IN LIFE. SO, NEVER LOOSE THE NECTAR OF YOUR LIFE.

**- Vishvaa Mehul Marfatia, Std. 6th**

# વર્તમાન સમયની બારી



આપણે જે કાંઈ પણ કાર્ય કરીએ છીએ જે પણ પ્રવૃત્તિ કરીએ છીએ એમાં જો આનંદ સમાયેલો હોય તો એવું જીવન ક્યારે પણ નિરસ કે વ્યથાવાળું રહેતું નથી. માતા પોતાના બાળકને ઉછેરે છે એમાં પરિશ્રમ છે પરંતુ એમાં માતાના જીવનનો આનંદ સમાયેલો છે. આનંદના પ્રકાર ગણવા જઈએ તો એને અનેક પ્રકારમાં વિભાજિત કરી શકીએ.

અતી ઉત્સાહ અને અતી ઝંખના એ માણસની સહજ પ્રકૃતિ અને પ્રવૃત્તિ છે. ભવિષ્યને પ્રસન્ન સભર બનાવવા સક્રિય થવા નિર્ણાયક ધક્કો મારવો જરૂરી છે. આપણામાં આમ પણ બાળપણ સૌથી વધુ વખત જીવતું હોય છે. વસ્તુની તાણ હોય તો પણ પરિવારનો પ્રેમ હોય અને પ્રકૃતિનું ખુલ્લાપણું હોય તો બાકીના અભાવો ગૌણ બની જાય છે.

પ્રકૃતિ અને પ્રવૃત્તિ આપણે માટે વર્તમાન અને ભવિષ્યના માર્ગ માટે બહુમુલ્ય છે. સમય અમુલ્ય છે.

સમસ્યા આવવી આપણા હાથમાં નથી. પણ સમસ્યાને પ્રતિભાવ આપવો આપણા હાથમાં છે. સુખ તમને ખુશખુશાલ રાખે છે. પ્રયત્નો તમને મજબૂત બનાવે છે. દુઃખ તમને સમય સાથે લડતા શીખવે છે. નિષ્ફળતા તમને નમ્ર બનાવે છે. સફળતા તમારા આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને વિશ્વાસ અને શ્રદ્ધા તમને જીવન જીવવાની મંઝિલ સુધી લઈ જાય છે.

આપણે આપણા જીવનથી અસંતુષ્ટ હોઈએ છીએ પણ આપણી આજુબાજુમાં રહેતા લોકો આપણાથી પ્રભાવિત હોય છે. તે લોકો આપણા જેવા બનવાના સ્વપ્નો જોતા હોય છે. આ જ તો જિંદગી છે. તમારી જિંદગીથી તમે સંતુષ્ટ રહો કારણ કે બહારથી દેખાતું સુખ એ સાચું સુખ નથી. આંતરીક સુખ એ સાચું સુખ છે.

આપણી સાથે બનેલ કોઈ ઘટનાને અનુરૂપ કોઈ ફેરફાર કરવાની જરૂર

હોય તો તે અવશ્ય કરો અથવા તે જે પણ વ્યક્તિ તમારું કહ્યું માનતા હોય તે જો તેના વર્તન અને વલણમાં ફેરફાર કરી શકે એમ હોય તો ચોક્કસ તેની કોશિષ કરો. બાકી તમારી સાથે જે ઘટના ઘટે છે તેની સાથે કઈ રીતે કામ લેવું તે શીખી જાઓ પણ ક્યારેય એમ ના વિચારો કે ભગવાન મારી સાથે જ આવું કેમ કરે છે. એને બદલે એમ વિચારો કે ભગવાન જિંદગીમાં ગમે તેટલી સમસ્યા મને આપો પણ તેને ઉકેલવાની આવડત અને હિંમત પણ મને આપજો.

જિંદગીની અમુક પરિસ્થિતિ અચાનક જ આવી જાય છે. જેની આપણે કલ્પના પણ ન કરી હોય. આવા અમુક સંજોગો આપણી સાથે આવીને ઊભા રહી જાય છે. આપણે તે સંજોગોમાં તેનો સામનો કરવાનો હોય છે. ત્યારે આપણે જિંદગીને કેવી રીતે જોઈએ છીએ તે નક્કી થતું હોય છે. ઘણા લોકો ભાંગી જાય છે, ઘણા મેદાન છોડી દે છે, ઘણા હાથ ખંખેરી નાખે છે, પણ તે સંજોગોમાં જે પીછેહઠ નથી કરતો તે તેની મંઝિલ સુધી અવશ્ય પહોંચે છે અને જે પીછેહઠ કરે છે તેમને અફસોસ કરવાનો સમય આવે છે.

આપણે બધા ફૂલ માટે છોડને ઉછીરે છીએ. કાંટા માટે નહિ. જંદગીનું પણ આવું જ છે. આપણે જિંદગીને શા માટે જીવીએ છીએ ? ફુલ માટે કે કાંટા માટે? ત્યારે આપણે આપણી નજર શેના ઉપર રાખીએ છીએ કાંટા ઉપર કે ફૂલની કોમળતા ઉપર? જિંદગી જેવી છે એવી એને જીવો. નજર માત્ર કોમળતા ઉપર રાખો. નોકીલા કાંટા પરથી હાથ નહિ હટાવો તો પાંદડાની કુમાશ ક્યારેય નહિ અનુભવી શકો. જિંદગી ક્યારેય બેરંગ લાગે તો તેને રંગીન બનાવવાના રસ્તા શોધો. આપણી જિંદગીમાં અલગ અલગ રંગ કેવી રીતે ભરવા તે આપણા હાથની વાત છે.

જિંદગી બહુ જ અઘરું વ્યાકરણ છે
તત્વ લેવા જાવતો સત્વ છટકી જાય છે.
બેઉને પકડો તો અસ્તિત્વ છટકી જાય છે.

**- સંકલન, દિલીપ શાહ, મુંબઈ**
**મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**

# વિષ્ણુપદામૃતધારી શ્રી વાયુદેવતાજી



શ્રી વાયુદેવતાજી વાયડ જ્ઞાતિના કૂળદેવતા છે. વાયડા ગોત્રની સ્વતંત્ર ઓળખમાં કેન્દ્રસ્થાને શ્રી વાયુદેવતાજી છે. વાયુનાં ૧૦૮ નામ સંકિર્તનમાં શ્રી પ્રાણદેવતાનું પણ એક નામ છે અને તેનો સ્વતંત્ર ઇતિહાસ પણ પ્રાપ્ત છે. વાસ્તવમાં પ્રાણવાયુ એટલે નિરામય વાયુ, શુદ્ધ વાયુ, કેવળ વાયુ, અનાવૃત્ત વાયુ, અસંસૃષ્ટ વાયુ, પ્રાકૃત વાયુ એ પ્રાણવાયુ છે. એ વિષ્ણુપદનું અમૃત છે તેને ધારણકર્તા વાયુ એ પ્રાણ વાયુ છે.

માનવ શરીરમાં પ્રાણવાયુ હૃદયમાં સ્થિત છે. વાયુનું કાર્યાલય હૃદય છે. 'પ્રાણોહિ હૃદિમ સ્થિતિઃ ॥ હૃદિસંશ્રિતમ્ ॥ હૃદયાધિષ્ઠાનાં મતમ ॥' હૃદયને માનવ શરીરમાં દિશાસૂચકથી મૂલ્યાંકન કરીએ તો તે વાયવ્ય દિશા કોણ સ્થિત છે. અર્થાત્ વાયુદેવ એ વાયવ્ય દિશા કોણનાં લોકપાલ, અધિષ્ઠાતા દેવ છે. અધિપતિ છે. હૃદય એ મન અને આત્માનું સ્થાન છે. મન અને વાયુનો સંબંધ પરસ્પરાવર્ત છે. હૃદય અને મસ્તિષ્કનો પરસ્પર સહકાર છે. અર્થાત્ મસ્તિષ્કનો પણ અધિષ્ઠાતા વાયુ છે જે પ્રાણ દેવતા છે.

શ્રી વાયુ દેવતાજી જે પ્રાણદેવતા છે તે સૂર્ય ચન્દ્રાદિ ગ્રહો અને નક્ષત્રની ગતિની નિરંતરતા ને ધારણકર્તા છે. આ ઉપરાંત સૂર્ય-ચન્દ્રના પ્રભાવને વહન કરીને પંચભૂતોને ક્ષીણ તથા આપ્યાયિત પણ કરે છે તે વાયુ છે.

બ્રહ્માનું અંગ એ પ્રાણ છે તેનો માનસપુત્ર દક્ષ છે. તેની પત્નિ પ્રસૂતિ છે. તેની વંશ પરંપરામાં ૨૪ કન્યા સંસારની માતા છે તથા બ્રહ્માનું હૃદય અંગ છે. તેનો પુત્ર ભૃગુ છે. તેની પત્નિ ખ્યાતિ છે. તેની વંશ પરંપરામાં ધાતા, વિધાતા વિગેરે છે.

શ્રી પ્રાણ દેવતાજી વિષયમાં ભાગવત ગ્રન્થ ૬-૬-૧૨માં જણાવ્યું છે કે

'પ્રાણસ્યોર્જસ્વતીભાર્યા ॥ સહ આયુ મનોજવઃ ॥' અર્થાત્ પ્રાણદેવતાની પત્નિનું નામ ઊર્જસ્વતી દેવી છે. અર્થાત્ વાયુનું નામ ઉર્જસ્વાન છે. તે સ્વયં સૂર્ય છે તેઓનાં ૩ પુત્રો સહ–આયુ–મનોજવ નામ ધારી છે. વાયુ અને સૂર્ય બન્ને સખા છે. અગ્નિમિત્ર વાયુના અન્ય નામમાં મરુત – મરુદ – પવન – અનિલ – સમીર વિગેરે પ્રચલિત છે.

શાર્ઙ્ગધર સંહિતામાં પ્રાણવાયુને વિષ્ણુપદામૃતથી ઓળખ જાહેર કરી છે. અર્થાત તે વિષ્ણુપદનું અમૃત છે. વૈકુંઠનું અમૃત છે. પ્રાણવાયુ એ અમૃત છે. જીવન છે. ચેતના છે. અમૃતનું પાન કરનાર માત્ર પ્રાણ વાયુ જ છે.

નાભિસ્થઃ પ્રાણપવનઃ સ્પૃષ્ઠાં હત્ક્મલાંતરમ ॥

કંઠાબ્દ હિ વિનિર્યાત્તિ પાતું વિષ્ણુ પદામૃતમ્ ॥ (શાર્ઙ્ગધર સંહિતા)

આ ઉપરાંત પૃથ્વિની અંદર તેના પરિસરમાં વાયવ્ય દિશામાંથી અવકાશક્ષેત્ર માંથી બ્રહ્માંડથી શત્રુઓને, ક્રુર દાનવોને અન્ય વિનાશકારી પદાર્થોને પ્રવેશ કરતાં રોકવા જે પૃથ્વિને હાનિ કરવાં સક્ષમ હોય છે તે દિશાનાં રક્ષક દેવ તરીકેની સ્થાપના શ્રી વાયુદેવતાજીની કરવામાં આવી છે. આથી તે દિક્પાલ છે, દિકપતિ છે, અધિપતિ છે. વાયવ્ય દિગ્ દિશાય, વાયવ્યાધિપતિ છે. આ પ્રાણ દેવતા છે. તે વિષ્ણુપદનું અમૃત સ્વરૂપ છે. અમૃત ધારી પ્રાણ દેવતા છે જે વાયડા જ્ઞાતિનાં કુળ દેવતાજી છે. ગોત્રનાં, કુળનાં રક્ષક દેવ છે.

– ડૉ. હેમંતકુમાર વૈદ્ય
વડોદરા
મો. ૯૪૨૮૩ ૯૯૫૨૬

'વાયડામિત્ર' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ ઘણી વાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.

# વાચકોના પ્રતિભાવ

વાયડામિત્રનો મે–૨૦૨૫ વાયડ વિશેષાંક વાંચ્યો. 'વંદે વાયડ માતરમ્' અને 'આપણું વાયડ : વાયડને જાણીએ, પરંપરાને જાળવીએ.' લેખો સુંદર– માહિતીસભર છે. લેખોમાં વાયડ મંદિર, વાયડ માતાજી અને વાયુદેવતાજી વિશે વિશેષ માહિતી આપી છે. જે જ્ઞાતિજનોને મદદરૂપ થશે. આ ઉપરાંત વાયડના દરેક કાર્યક્રમને ફોટાઓમાં સુંદર રીતે કવર કર્યા છે. વાયડ સંઘમાં સ્થાનિક જ્ઞાતિઓની પ્રવૃત્તિઓની ઝલક પણ જોવા મળી. ટાઈટલ પરના માતાજીના ફોટા નયનરમ્ય છે. વાયડનો સ્પેલીંગ W થી શરૂ થાય છે. તેની વિશેષ માહિતી મળી. ટીમ વાયડામિત્રને અભિનંદન....

